જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૮/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૬૭/૧૮

રામોલ પોલીસ સ્ટેશન :

## અક્ષરધામ હાઇટર્સના ગેટ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ જુગારીઓને પકડી કિ.રૂ. ૧૧,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

ઉપરી અધિકારી શ્રીનાઓ તરફથી તેમજ અમોએ કરેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સ.ઇ એ.ઓ.ભરવાડ સાહેબ નાઓ પો.સ્ટે વિસ્તારમાં જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારુ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૫/૩૦ વાગે વસ્ત્રાલ રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે આવતા સાથેના પો.કો શૈલેષભાઇ પોપટભાઇ તથા પોકો મહેંદ્રભાઇ ઇશ્વરભાઇ નાઓએ ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે અક્ષરધામ હાઇટર્સ ના ગેટ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ગોળ કુંડાળુવળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમે છે અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે જે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ રેડ કરી

આરોપીઓ:- (૧) નેરેંદ્રભાઇ ભગવાનભાઇ વાળંદ ઉવ.૪૧ રહે.મનં.એ/૧૪૦ અજય ટેનામેંટ વિભાગ-૫ મહાદેવનગર વસ્ત્રાલ રોડ અમદાવાદ શહેર
(૨) મહેશભાઇ રામભાઇ પટેલ ઉવ.૪૨ રહે.એ/૧૪૦ આકૃતિ સોસાયટી અજય ટેનામેંટ વિભાગ-૫ વસ્ત્રાલ અમદાવાદ શહેર
(૩) મયુરસિંહ દીલીપસિંહ મહિડા ઉવ.૩૨ રહે.સી/૧૦૦૨ અક્ષરધામ હાઇટર્સ રીલાયંસ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ અમદાવાદ શહેર

નાઓને રોકડા રૂપિયા. ૧૧,૦૦૦/- તથા ગંજીપાના નંગ.૫૨ કિ.રૂ.૦૦/૦૦ ની મત્તા સાથે તા.૩૧/૦૭/૨૦૧૮ ના કલાક ૧૬/૧૫ વાગે પકડી અટક કરી તમામની વિરૂધ્ધમાં ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>**

**કાગડાપીઠ પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૪૩/૧૮ ધી ઇ પી કો કલમ ૩૭૯ મુજબના કામે આરોપી તથા એકટીવા કિ રુ ૩૦,૦૦૦/નો મુદામાલ રીકવર કરતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

આજરોજ સંયુકત પોલીસ કમીશ્નર સાહેબ શ્રી સેકટર ૧ તથા નાયબ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી ઝોન ૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ લુટના ગુન્હા બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલ્કત સંબધી બનાવો શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ અમારા તથા સેકન્ડ પો ઇન્સ એ યુ ટાપરીયા સા ના સીધા માગદર્શન હેઠળ મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના લોકરક્ષક મીતેશભાઈ અશોકભાઈ બનં ૪૯૧ તથા લોકરક્ષક દિવ્યરાજસિંહ પ્રહલાદસિંહ બનં ૧૨૪૨ નાઓની બાતમી હકિકત આધારે આરોપી નામે અફઝલ ફિરોજભાઈ મોગલ ઉવ ૨૭ ધંધો નોકરી રહે ઘર નં ઝીન્નત રેસીડન્સી વિભાગ-૧ બિસમીલ્લા મસ્જીદ પાસે ફતેવાડી કેનાલ પાસે ફતેવાડી અમદાવાદ શહેર નાઓના કબ્જામાંથી એક એકટીવા હોન્ડા કંપનીનુ જેના આગળ પાછળ આર ટી ઓ નંબર લખેલ નથી જેનો એ.નં.: JF50ET3636241 તથા ચે.નં.:ME4JF505GGT633926 નો જણાય આવેલ જેની કિમત રુ ૩૦,૦૦૦/- તથા ચોરી કરેલ એકટીવાની અસલ આર સી બુક જેની કિમત રુ ૦૦/૦૦ ની મતાનો મુદામાલ રીકવર કરી સદરી આરોપીને આજરોજ તા ૦૧।૦૮।૨૦૧૮ ના કલાક ૧૩।૦૦ વાગે પકડી અટક કરી કાગડાપીઠ પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૪૩/૧૮ ધી ઇ પી કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા

**નરોડા પોલીસ સ્ટેશન :**

## રીઢા મોબાઇલ ચોરોને ૨૧ નંગ મોબાઇલ સાથે કુલ્લે રૂ ૭૬,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા પોલીસ

નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૨૪૪/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબના કામે આરોપીઓ (૧) પંકજ ઉર્ફે રાજા મણીલાલ સોલંકી ઉ.વ-૨૦ રહે ચામુંડાની ચાલી,હરીઓમ ડેરીની સામે,સુતરના કારખાના પાસે,નરોડા,અમદાવાદ (૨) સુનીલ રમેશભાઇ પરમાર ઉ.વ-૨૦ રહે ચામુંડાની ચાલી,હરીઓમ ડેરીની સામે,સુતરના કારખાના પાસે,નરોડા,અમદાવાદ તથા કાયદાના સંઘર્ષમા આવેલ કીશોર નાઓને બાતમી હકીકત આધારે તા-૩૧/૭/૧૮ ના કલાક ૧૯/૩૦ વાગે પકડી તેઓની પાસેથી ઉપરોક્ત ગુન્હાના કામે ચોરીએ ગયેલ મોબાઇલ ફોન સાથે કુલ્લે નંગ-૨૧ મોબાઇલફોન કી રૂ ૪૬,૫૦૦/- તથા ગુન્હાના કામે ઉપયોગ કરેલ મો.સા સ્પ્લેન્ડર કંપનીનુ કી રૂ ૩૦,૦૦૦/- નુ એમ કુલ્લે રૂ ૭૬,૫૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લીધેલ છે.જે અંગે નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૨૪૪/૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ તથા નરોડા પોસ્ટે ફર્સ્ટ ગુ.ર.નં-૨૪૭/૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુન્હા દાખલ થયેલ છે.તથા આ સિવાય અન્ય મોબાઇલના મલીકના સંપર્ક કરવાનુ ચાલુ છે.તેમજ આરોપીઓએ અન્ય કેટલા મોબાઇલ ચોરી કરેલ છે.તેમજ અન્ય સહ આરોપીઓ છે કે કેમ તે સબંધે તપાસ ચાલુ છે.

તા.૦૧/૦૮/૨૦૧૮



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.